RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 238 * Date: 18.06.2024,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં મોટો રેલ અકસ્માત

# માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી : ૧૫ના મોત



**જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખની આર્થિક સહાયની જાહેરાત**

કોલકત્તા, તા.૧૭

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં એક માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કંચનજંગા એક્સપ્રેસના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા છે, જેમાંથી ૩ રેલવે કર્મચારી છે, જ્યારે ૫ મુસાફરો છે. અકસ્માતમાં ૬૦ લોકો ઘાયલ થયાના સમાચાર છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વીટ કર્યું કે રેલ્વેએ જલપાઈગુડી ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગંભીર રીતે ઘાયલોને ૨.૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે જ્યારે ઓછા ઘાયલોને ૫૦ ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. આ સાથે પીએમઓએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયનું વચન આપવામાં આવ્યું છે.

પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના દુઃખદ છે. જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો જલ્દીથી જલ્દી સ્વસ્થ થઈ જાય. અધિકારીઓ સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. અસરગ્રસ્તોની મદદ માટે બચાવ કામગીરી ચાલી રહી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ઘટના સ્થળે રવાના થઈ ગયા છે.

આ અકસ્માત પશ્ચિમ બંગાળના રંગપાની સ્ટેશન પાસે થયો હતો. અહીં એક માલગાડી અને સિયાલદહ જતી કંચનજંગા એક્સપ્રેસ વચ્ચે ટક્કર થઈ હતી. ઉત્તર બંગાળના ન્યૂ જલપાઈગુડી સ્ટેશનથી લગભગ ૩૦ કિમી દૂર ઘટના સ્થળ પર બચાવ કાર્ય ચાલી રહ્યું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે.

સિયાલદહ જઈ રહેલી કંચનગંજા એક્સપ્રેસ સોમવારે સવારે માલગાડીની ટક્કરને કારણે દુર્ઘટનાનો શિકાર બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે માનવીય ભૂલને કારણે આ અકસ્માત થયો છે. આ દુર્ઘટનામાં ૧૫ લોકોના મૃત્યુ થયા છે અને ૬૦ લોકો ઈજાગ્રસ્ત છે. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે અન્ય લોકો ડબ્બામાં ફસાયેલા હોઈ શકે છે.

## સાયબર ગઠિયા સામે સાયબર સેલ ફ્લોપ પાંચ મહિનામાં ૫૩૦૦૦ ફરિયાદ



અમદાવાદ, તા.૧૭

ઓનલાઈન ગૂગલ રિવ્યૂ, શેરબજારમાં વળતર અને પાર્સલમાં ડ્રગ્સના નામે છેતરપિંડી કરીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. માત્ર ગુજરાતમાં જ છેલ્લાં પાંચ મહિના દરમિયાન સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર '૧૯૩૦' ઉપર ૫૩૦૦૦ ફરિયાદ આવી છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવા શહેરોની સાથે નાના શહેરોમાં પણ લોકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં પોલીસે સમગ્ર રાજ્યમાં એક જાગૃતિ કેળવવા માટે ખાસ ડ્રાઈવ શરૂ કરવાનું નક્કી કર્યું છે. જુદી જુદી રીતની ઠગાઈમાં લોકોએ ૧૦૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. સાયબર ક્રાઈમ બ્રાંચ અને સાયબર પોલીસ મથકો માત્ર ફરિયાદ નોંધી તપાસ કરી રહ્યા છે. લોકોના ગયેલા રૂપિયા પૈકી ૧૦ ટકા પણ પરત આવ્યા હોય તેવું જાણી શકાયું છે. બીજી તરફ સાયબર ક્રાઈમ પોલીસ મથકના બાબુ પટેલ અને જાડેજા જેવા અધિકારીઓ જુદી જુદી ફરિયાદોની તપાસમાં તોડ કરી પોલીસની ઈમેજ બગાડી રહ્યા હોવાની ચર્ચા છે. જે રીતે લોકો ઠગાઈ રહ્યા છે તે જોતાં ૧૨ ફેલ સાયબર ગઠિયા આગળ એમટેક થયેલા પોલીસના સાયબર એક્સપર્ટ ફ્લોપ સાબિત થઈ રહ્યા છે. ગુજરાતમાં હવે શરીર સંબંધિત કે અન્ય પ્રકારના ગુનાઓના પ્રમાણમાં સાયબર ક્રાઈમમાં અનેકગણો વધારો થયો છે. જેમાં ચોંકાવનારા આંક બહાર આવ્યા છે. સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન ૧૯૩૦ પર માત્ર પાંચ મહિનાના સમયગાળામાં જ ૫૩૦૦૦ જેટલી ફરિયાદો નોંધવામાં આવી છે. એક અંદાજ મુજબ ૧૦૦ કરોડની લોકો સાથે ઠગાઈ થઈ છે. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલના એસીપી હાર્દિક માકડિયાએ જણાવ્યું કે ઓનલાઈન છેતરપિંડીની કેટલીક ચોક્કસ મોડસ ઓપરેન્ડીથી સૌથી વધારે છેતરપિંડી થયાનું સામે આવ્યું છે. જેમાં ચાઈનીઝ ગેંગની સંડોવણી પણ ખુલી છે. પ્રથમ મોડસ ઓપરેન્ડીમાં વિવિધ જગ્યાના ગૂગલ રિવ્યૂ કરવાની સામે બેંકમાં

## દહેગામ તાલુકાના ગામોમાં ચાર્ટર પ્લેનના આંટાફેરાથી ગભરાટ

દહેગામ તાલુકાના ગામોમાં રવિવારે અચાનક એક ચાર્ટર વિમાન આવી પહોંચ્યું હતું જે માત્ર ૫૦ થી ૧૦૦ ફૂટ જેટલી ઊંચાઈએ ઉડી ૨૦ થી ૨૫ જેટલા આંટાફેરા કરતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે ચાર્ટર વિમાનનો ઘૂં ઘૂં કરતો અવાજ સાંભળી લોકો ઘરમાંથી બહાર નીકળી ગયા હતા અને ચિંતા પણ પ્રસરી હતી.

દહેગામ તાલુકાના કડજોદરા, જિંડવા થાંભલીયા, અંતોલી, રામપુરા, મોતીપુરા, પહાડિયા ખાડીયા, થડાકુવા, ડુમેચા, દેવકરણના મુવાડા જેવા ગામોમાંથી રવિવારે બપોરના સમયે અચાનક એક ચાર્ટર પ્લેન ઉડતું આવી પહોંચ્યું હતું જે તેના ભારે ઘૂઘવતા અવાજ સાથે આવતા અને માત્ર ૫૦ થી ૧૦૦ ફૂટની ઊંચાઈએ ઉડતા વિમાનનો અવાજ સાંભળી લોકો ડરીને પોતાના ઘરની બહાર આવી પહોંચ્યા હતા અને ખૂબ જ નીચું વિમાન ઉડતું જોઈ કુતુહલ સાથે તેમનામાં ભય પણ ફેલાયો હતો આ વિસ્તારમાં આવી પહોંચેલા ચાર્ટર વિમાને ૧૫ થી ૨૦ ચક્કર મારતા લોકોમાં કુતુહુલ સાથે સાથે ફફડાટ પણ ફેલાયો હતો.

બે ત્રણ દિવસ અગાઉ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના આંત્રોલી, ચારણીયા,ભગવાનજીની મુવાડી આતરસુંબા વિસ્તારમાં પણ ચાર્ટર વિમાન ઉડતું જોવા મળ્યું હતું. દહેગામ તાલુકાના ગામોમાં પણ અચાનક આવી ચઢેલા ચાર્ટર્ડ વિમાનના આંટાફેરા અંગે દહેગામ પોલીસ સ્ટેશનના પીઆઈ વી.બી.દેસાઈ અને રખિયાલના પીએસઆઈ એમ.એમ. ગઢવી ને પૂછતા તેમણે દહેગામમાં ગ્રામ્ય વિસ્તારમાં ઉડી રહેલા ચાર્ટર વિમાન અંગે કોઈપણ પ્રકારની માહિતી નહીં હોવાનું જણાવ્યું હતું.

દહેગામ પંથકના ગામોમાં ઉડી રહેલું ચાર્ટર વિમાન કોનું છે? ક્યાંથી



આવ્યું? કેમ આ વિસ્તારમાં આંટા ફેરા મારી રહ્યું છે તે અંગે હજી સુધી કોઈ ચોક્કસ જવાબ મળ્યો નથી બીજી તરફ આ ચાર્ટર વિમાન દ્વારા લેન્ડ રેકર્ડ વિભાગ જમીનોનું સર્વે કરાઈ રહ્યું હોવાનું પણ અનુમાન થઈ રહ્યું છે જોકે દહેગામ પંથકમાં ઉડી રહેલા ચાર્ટર વિમાન અંગે તંત્ર દ્વારા સાચું કારણ જાણવા મળ્યું નથી જેથી લોકોમાં પણ ભય ફેલાયેલો જોવા મળી રહ્યો છે. બીજી તરફ અસંખ્ય ગ્રામજનો એવું પણ કહી રહ્યા છે કે જો ચાર્ટર વિમાન થકી સરકારી તંત્ર દ્વારા સર્વે કરાઈ કામગીરી કરાવવામાં આવતી હોય તો અગાઉથી જુદા જુદા ગામોના સરપંચને જાણ કરવી જોઈએ જેથી લોકોમાં ભય ફેલાય નહીં.

## અમેરિકામાં ફરી ફાયરિંગ, આ વખતે વોટર પાર્ક બન્યો નિશાન...

નવી દિલ્હી, તા.૧૭

શનિવારે અમેરિકાના મિશિગન રાજ્યના સૌથી મોટા શહેર ડેટ્રોઈટ પાસેના વોટર પાર્કમાં થયેલા ગોળીબારમાં બે બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. ફાયરિંગની આ ઘટના રોચેસ્ટર હિલ્સના ચિલ્ડ્રન વોટર પાર્કમાં બની હતી. ઓકલેન્ડ કાઉન્ટીના શેરિફ માઈકલ બાઉચાર્ડે જણાવ્યું હતું કે ગોળીબાર બાદ હુમલાખોર નજીકના ઘરમાં છુપાઈ ગયો હતો. પોલીસે ઘરને ઘેરી લીધું અને અંદર પ્રવેશતા જ શંકાસ્પદ વ્યક્તિ મૃત મળી આવ્યો. ફાયરિંગમાં ઘાયલ બાળકો અને અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ઓકલેન્ડ કાઉન્ટી પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યક્તિ શનિવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ રોચેસ્ટર હિલ્સમાં ઓબર્ન સ્પ્લેશ પેડ પર પહોંચ્યો હતો અને તેના વાહનમાંથી બહાર નીકળીને ગોળીબાર કર્યો હતો. શેરિફ માઈકલ બાઉચાર્ડે જણાવ્યું હતું કે હુમલાખોરે ૯ એમએમ સેમી-ઓટોમેટિક ગ્લોકમાંથી લગભગ ૩૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ઘટનાસ્થળેથી એક બંદૂક અને ત્રણ ખાલી મેગેઝીન મળી આવ્યા છે. એવું માનવામાં આવે છે કે આ બંદૂકથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું.પોલીસે હાલ ઘટના સ્થળે લોકોની અવરજવર અટકાવી દીધી હતી. અધિકારીઓએ કહ્યું કે ખતરો હજુ પણ યથાવત છે. રોચેસ્ટર હિલ્સના મેયર બ્રાયન કે. બાર્નેટે કહ્યું કે પોલીસે હુમલાના સ્થળને સુરક્ષિત કરી લીધું છે. અમે દરેકની ધીરજની પ્રશંસા કરીએ છીએ. ફાયરિંગની આ ઘટનામાં ઘાયલ થયેલા તમામ લોકો માટે પ્રાર્થના. અમારી પાસે માહિતી હોવાથી અમે વધુ અપડેટ્સ શેર કરીશું. રોચેસ્ટર હિલ્સ ડેટ્રોઈટથી લગભગ ૨૭ માઈલ ઉત્તરે છે.ગવર્નર ગ્રેચેન વ્હિટમેરે ટ્વિટર પર એક નિવેદનમાં જાહેરાત કરી હતી કે તે ગોળીબાર બાદ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં હતી. તેણે લખ્યું, 'રોચેસ્ટર હિલ્સમાં શૂટિંગ વિશે જાણીને મારું હૃદય તૂટી ગયું છે.

## ઋષિ સુનક યુકેની સામાન્ય ચૂંટણીમાં ઐતિહાસિક હાર તરફ આગળ વધી રહ્યા છે!

નવી દિલ્હી, તા.૧૭

બ્રિટનમાં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા એક સર્વેમાં કહેવામાં આવી રહ્યું છે કે વર્તમાન બ્રિટિશ પીએમ ઋષિ સુનક ખરાબ રીતે હારશે. આ તેની ઐતિહાસિક હાર હોઈ શકે છે. તાજેતરના સર્વેમાં તેના રેટિંગમાં વધુ ઘટાડાની આગાહી કરવામાં આવી છે, જેમાં પાર્ટીને કુલ ૬૫૦માંથી માત્ર ૭૨ બેઠકો મળવાનો અંદાજ છે.યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટરમાં પોલિટિક્સના પ્રોફેસર અને પોલિંગ એક્સપર્ટ રોબ ફોર્ડે ઈન્ડિયા ટુડેને કહ્યું, "આ વખતે તેમનું રેટિંગ ૩૦%થી નીચે જઈ શકે છે, જે ક્યારેય બન્યું નથી. તેમણે કહ્યું, "વડાપ્રધાન તરીકેના પદ પર હતા ત્યારે ઋષિ સુનકનું રેટિંગ કોઈપણ વડાપ્રધાનની સરખામણીમાં અત્યાર સુધીનું સૌથી ખરાબ છે. આ પહેલીવાર છે જ્યારે મતદારો મોટી સંખ્યામાં કહી રહ્યા છે કે સરકાર સૌથી ખરાબ કામ કરી રહી છે.૧૪ વર્ષના કન્ઝર્વેટિવ શાસન બાદ મતદારો હવે પરિવર્તન તરફ મજબૂતાઈથી આગળ વધી રહ્યા છે. "તેને આ રીતે જુઓ, જ્યારે તમે ૧૪ વર્ષથી વધુ સમય સુધી સત્તામાં રહો છો, ત્યારે તમારા માટે ચૂંટણી જીતવી વધુને વધુ મુશ્કેલ બની જાય છે," યુકે સ્થિત એકેડેમિક થિંક ટેન્ક, ચેન્જિંગ યુરોપમાં યુકેના ડિરેક્ટર પ્રોફેસર આનંદ મેનને જણાવ્યું હતું. ઈન્ડિયા ટુડે લોકો પરિવર્તન વિશે વિચારવાનું શરૂ કરે છે, જ્યારે તમે આજીવિકાની કટોકટીનો સામનો કરી રહ્યા હોવ ત્યારે તેના સમર્થનમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે.ડેવિડ કેમરોને બ્રેક્ઝિટ બાદ રાજીનામું આપ્યું ત્યારથી વડાપ્રધાન પદ એક ફરતું દ્વાર બની ગયું છે.

## મહેસાણા જિલ્લામાં અલગ અલગ સ્થળે થનારી ઉજવણીમાં સાડા ચાર લાખથી વધુ યોગસાધકો જોડાશે

યોગ દિવસની ઉજવણીમાં ૬૦૦ થી વધુ ગ્રામ્ય કક્ષાએ,૧૬૪૪ સ્કૂલ અને કોલેજોના સ્થળોમાં, ૧૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓમાં, ૩૫૨ જેટલા પ્રાથમિક,પેટા આરોગ્ય કેન્દ્રો, ૨૨ જેટલા પોલીસ સ્ટેશનો અને ૧ જેલ સહિત તાલુકા-પાલિકા કક્ષાએ વિવિધ સ્થળોએ યોગ દિવસની ઉજવણી થનાર છે

મહેસાણા જિલ્લામાં ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મોઢેરા સૂર્યમંદિર ખાતે નવા વર્ષના પ્રથમ દિવસે સૂર્યન પ્રથમ કિરણ સાથે યોગ કરી ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો



હતો.આ દિવસે રાજ્યના ૧૦૮ સ્થળો ઉપર ૫૦૦૬૮ યોગ સાધકોએ ભાગીદારી નોંધાવી હતી

યોગ દિવસની ઉજવણીને સાર્થક બનાવવા માટે ૨૧ જુનના રોજ સવારે સમગ્ર જિલ્લામાં ૪,૬૭,૨૫૦ યોગ સાધકો યોગ પ્રોટોકોલ તાલીમમાં જોડાસે. જેમાં જિલ્લા વહીવટીતંત્રના તમામ વિભાગો સંયુક્ત અભિગમથી યોગ દિવસની ઉજવણીને સાર્થક કરનાર છે.આ ઉજવણી પહેલાં ૨૧ જુન સુધી યોગ સપ્તાહનુ પણ આયોજન કરાયું છે.

આ દિવસની ઉજવણીમાં સવારે યોગ સાધકોનું અને મહાનુંભાવોનું આગમન થશે ત્યાર બાદ મહાનુંભાવોનું ઉદ્બોધન સહિત મુખ્યમંત્રીશ્રી તેમજ પ્રધાનનંત્રીના ઉદ્બોદધનનું જીવંત પ્રસારણ અન ત્યાર બાદ યોગ શિક્ષક દ્વારા કોમન યોગા પ્રોટોકોલ અભ્યાસ કરી આખરમાં રાષ્ટ્રગીતનુ ગાન થનાર છે.

તંત્રી લેખ......

# મોદી સરકાર ૩.૦ના પહેલા જ બજેટમાં ટેક્સપેયર્સને મળશે રાહત?

૩.૦: મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ જુલાઈમાં રજૂ થવાની શક્યતા છે. તેમાં ટેક્સપેયર્સને ગુડ ન્યૂઝ મળી શકે છે. ફાઈનાન્સ મિનિસ્ટર નિર્મલા સીતારમણ આગામી થોડા દિવસોમાં બજેટ-પૂર્વ બેઠકોનો સિલસિલો શરૂ કરી શકે છે. આ દરમિયાન રિપોર્ટ અનુસાર સરકાર ઈનકમ ટેક્સ રેટમાં ઘટાડા પર વિચાર કરી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે તેનાથી લોકોની પાસે ખર્ચ કરવા યોગ્ય એટલે કે ડિસ્પોઝેબલ ઈનકમ વધશે. આ પ્રકારની ઈનકમ વધવાથી વપરાશ વધશે અને આર્થિક પ્રવૃતિઓમાં વધારો થશે. માનવામાં આવી રહ્યું છે કે સરકાર વર્તમાન ઈનકમ ટેક્સ સ્ટ્રક્ચરને વ્યાવહારિક બનાવવા પર વિચાર કરી શકે છે. ખાસ કરીને લોઅર ઈનકમ લેવલ પર ટેક્સ રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે.

અધિકારીઓનું કહેવું છે કે ડિમાન્ડને રિવાઈવ કરવા માટે વપરાશ વધારવો જરૂરી છે. આ માટે ટેક્સ સ્ટ્રક્ચરને વ્યાવહારિક બનાવવામાં આવશે. તેનાથી લોકોના હાથમાં વધુ ડિસ્પોઝેબલ ઈનકમ આવશે અને વપરાશમાં વધારો થશે, આર્થિક પ્રવૃતિઓમાં વધારો આવશે અને સરકારનું જીએસટી કલેક્શન વધશે. હજુ નવી ટેક્સ સિસ્ટમમાં ત્રણ લાખ રૂપિયાથી વધુ ઈનકમ પર પાંચ ટકા ટેક્સની જોગવાઈ છે. આ રીતે ૧૫ લાખ રૂપિયાથી વધુની ઈનકમ પર ૩૦ ટકા ટેક્સ લાગે છે. આ રીતે ઈનકમના પાંચ ગણા વધવા પર ટેક્સ રેટ છ ગણો વધી જાય છે. એક અધિકારીએ કહ્યું કે ટેક્સમાં છુટથી સરકારને રેવન્યૂનું નુકસાન થશે પરંતુ ડિસ્પોઝેબલ ઈનકમ વધવાથી વપરાશ વધશે અને ડાયરેક્ટ તથા ઈનડાયરેક્ટ રેવન્યૂમાં પણ વધારો થશે. આ રીતે સરકારના રેવન્યૂનું નુકસાન થઈ શકે છે પરંતુ કુલ મળીને આ સરકાર અને ઈકોનોમી માટે લાભદાયી હશે.

# પૂજ્ય મોરારી બાપૂએ પદ્મશ્રી રઘુવીર ચૌધરીનું સન્માન કર્યું




ગાંધીનગર, જૂન, ૨૦૨૪: યૂગમૂર્તિ અને જ્ઞાનપીઠ એવોર્ડ ધારક સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી સન્માન પ્રાપ્ત કરવા બદલ સારસ્વત સન્માન શિર્ષક હેઠળ એક સન્માન કાર્યક્રમનું ગાંધીનગરમાં માતૃશ્રી જોઇતીબા મહિલા ચૌધરી કોલેજ કેમ્પસમાં આયોજન કરવામાં આવ્યું હતું.

રામચરિત માનસના પ્રચારક અને પ્રભુશ્રી રામના ઉપદેશોનો પ્રસાર કરવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર પરમ પૂજ્ય મોરારી બાપૂ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમની સાથે ગુજરાતી સાહિત્ય, શિક્ષણ અને સમાજના અગ્રણીઓ તથા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજ્ય બાપૂએ શ્રી રઘુવીર ચૌધરીને સન્માનપત્ર અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કરતાં શ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યુ હતું કે, બાપૂએ આજે પણ તલગાજરડા સાથે તેમનો આત્મીય સંબંધ જાળવી રાખ્યો છે. બાપૂને વ્રજ અને વૈકુંઠ બંન્ને જોઇએ છે તથા વૈકુંઠ બાપૂના ઉદગારમાં સમાયેલો છે. તેમણે ઉમેર્યું હતું કે, બાપૂને સમજવા માટે શ્રીમદ ભગવદગીતા અને શ્રીમદ ભગવદ ગોપી ગીત વાંચવું અને સાંભળવું જોઇએ.કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત પૂજ્ય બાપૂએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સારસ્વત સન્માન સમારોહ નિમિત્તે આપણે બધા જેમની વંદના કરવા માટે, જેમના તરફ આપણા હૃદયનો ઉમળકો વ્યક્ત કરવા માટે એકત્રિત થયાં છીએ, તેવાં મારા ખાસ અને આપણા બધાના વડીલ આદરણીય રઘુવીર ભાઈને મારા પ્રણામ. તેમણે કહ્યું હતું કે સાધુ કોને કહેવાય? ભલે કોઇ માણસ સાધુના વેશમાં ન હોય, સાધની વિશિષ્ટ ઓળખ છાપ કે તિલક ન હોય, પરંતુ સાધુ ચરિતમાનસ હોય, તે વ્યક્તિ સાધુ. જે બધાને માન આપે અને પોતે નિર્માની રહે તે વ્યક્તિને સાધુ કહેવાય. રઘુવીરભાઇ સાહિત્યક્ષેત્રના સંત છે.પૂજ્ય બાપૂએ ઉમેર્યું હતું કે, મારા મતે રઘુવીરભાઇને પદ્મશ્રી સન્માન મોડેથી મળ્યું છે. જોકે, જ્ઞાનપીઠ એવોર્ડથી થયેલા તેમના સન્માનથી મને વધુ રાજીપો છે. રઘુવીરભાઇએ તેમનું સમગ્ર જીવન સાહિત્યને અર્પણ કર્યું છે અને સમર્પિત કર્યું છે. તેમણે એક ફકરો લખીને તેમાંથી સુક્ષ્મવાત કરી છે.

# ઈંડુ શાકાહારી કે માંસાહારી?

હાલમાં પણ સમાજનો મોટો વર્ગ માને છે કે ઈંડા એ શાકાહારી ખોરાક છે. આવા લોકોને અમુક વર્ગ દ્વારા એવો પાઠ ભણાવી દેવામાં આવ્યો છે કે ઈંડા શાકાહારી છે જો કે આ વાત બિલકુલ ખોટી છે. જો ઈંડુ શાકાહારી છે તો કઈ રીતે ? એ સમજાવવા માટે એવું કહેવામાં આવે છે કે ઈંડુ એ એક કોષ(સેલ)થી બનેલું છે એટલે શાકાહારી છે.જો એ સેલ હોય તો એને નરી આંખે પણ ન જોઈ શકાતું હોત કારણ કે કોષ(સેલ)ને જોવા માટે માઇક્રોસ્કોપની આવશ્યકતા રહે છે, પરંતુ ઈંડાને જોવા માટે નરી આંખો કરવાની કે માઈક્રોસ્કોપની જરૂર પડતી નથી. હકીકતમાં જે લોકો ઈંડાનું સેવન કરે છે એ જુદી જુદી વાતો દ્વારા એ સાબિત કરવા માંગે છે કે ઈંડુ એ શાકાહારી છે કારણ કે એ એક કોષીય જીવ છે અર્થાત ઈંડુ



ફક્ત સ્ત્રી કોષથી જ બનેલું છે એટલે કે એ માત્ર કુકડીનું બનેલું છે. દરેક સ્ત્રીને માસિક થાય છે. મનુષ્યને દર મહિને થાય છે જ્યારે કુકડીને અમુક નિશ્ચિત સમય બાદ અમુક પ્રકારે માસિક થાય છે. અપરિણિત સ્ત્રીને દર મહિને માસિક થાય છે જ્યારે પરિણીત સ્ત્રીને સમાગમ બાદ જો ગર્ભ રહે તો માસિક આવતું નથી. કુકડીને પણ એવું જ હોય છે. ઈંડા અંગે જે કોઈ દલીલો કરવામાં આવે છે એમાં ખરેખર એવું છે કે જો ઈંડુ એ ફક્ત એક જ સેલથી બનેલું હોય એટલે કે સ્ત્રી સેલ મતલબ કુકડીનાં સેલથી બનેલું હોય તો ઈંડા ખાનાર લોકો જાગૃત થઈ જાવ તમે કુકડીનું માસિક ખાઈ રહ્યા છો અને જો ઈંડુ બે સેલનું હોય એટલે કે મેલ અને ફિમેલનું તો તમે કૂકડા અને કુકડીનાં સમાગમ પછી બનેલું એક અવિકસિત જીવ ખાઈ રહ્યા છો. ઈંડા ખાનાર વ્યક્તિઓ જાગૃત થઈ જાવ અને અન્યોને પણ જાગૃત કરો. શાકાહારી બનો.

ઈંડું , પોષણનાં નામે મીડું.

– માંસાહાર- સર્વ નાશાહાર- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## અરવલ્લી જીલ્લાના હિત અને પ્રશ્નોના સમાધાન માટે મળી જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

**મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. બેઠકમાં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા પણ સૂચન કરાયા. ઉપરાંત પ્રી મોન્સુન કામગિરી, વૃક્ષા રોપણ, યોગ દિવસ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી.આ બેઠકમાં,જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેશ કેડિયા, ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડાશ્રી સંજય કેશવાલા , અધીક નિવાસી કલેકટર જશવંત જેગોડા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેશ કુચારા સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.**

# એન્કરવાલા અહિંસાધામ દ્વારા નંદીસરોવર ખાતે વૃક્ષારોપણનું આયોજન



### એન્કરવાલા નંદીસરોવર ખાતે પાંચ લાખ વૃક્ષોના બનતા અભયારણ્યમાં ૧૫ જૂનથી ૧૫ જુલાઇ ૨૦૨૪ દરમિયાન ૪૫ હજાર દેશી વૃક્ષોનું રોપણ કરાશે.

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એન્કરવાલા અહિંસાધામ, પ્રાગપર રોડ, છેલ્લા ૩૩ વર્ષથી અબોલ જીવોની સેવા, જીવદયા, પશુરક્ષા, પર્યાવરણ રક્ષા, વૃક્ષારોપણ, પાણી બચાવ જેવા નોંધપાત્ર કાર્યો કરી રહી છે. હાલમાં સંસ્થા દ્વારા નંદીસરોવર ખાતે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયુંછે.અહી પાંચ લાખ વૃક્ષોના બનતા અભયારણ્યમાં ૧૫ જૂન થી ૧૫ જુલાઈ ૨૦૨૪ દરમિયાન ૪૫,૦૦૦ દેશી વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવાનું લક્ષ્ય છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ સંગોઈએ જણાવ્યુ છે કે, “આ ભગીરથ કાર્યમાં તમામ રીતે સહયોગ આપી જોડાવો. ચાલો આપણે બધા સાથે મળી કચ્છને નંદનવન બનાવીએ.”

સંસ્થાની વૃક્ષ દત્તક યોજનામાં એક વૃક્ષના સ્કુલના વિધાર્થીઓ માટે રૂ.૧૧૦૦, સંસ્થાઓ માટે રૂ.૨૧૦૦ અને મુલાકાતીઓ માટે રૂ.૨૭૦૦નું ડોનેશન રાખવામાં આવ્યું છે. સ્કુલો, કોલેજો, સંસ્થાઓ, સંઘો ગ્રુપમાં આ યોજનાનો લાભ લઈને રોજના ૧૫૦૦ જેટલા વૃક્ષનું વૃક્ષારોપણ કરી શકે છે. આ માટે ખાડા તૈયાર છે, રોપા તૈયાર છે અને પાણીની પુરતી વ્યવસ્થા છે, તો દાતાઓને લાભ લેવા વિંનતી. એક મહિનામાં ૪૫ હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરવાનું છે.

સંસ્થાના પ્રમુખ હરેશભાઈ વોરાએ અપીલ કરતા જણાવ્યું છે કે, “આપના જન્મદિવસે, લગ્નદિવસે કે સ્વજનોની પુણ્યતિથિ નિમિતે વૃક્ષ દત્તક યોજનાનો લાભ લઈ પર્યાવરણરક્ષા, પક્ષીરક્ષાના કાર્યમાં સહભાગી બની સહયોગ આપી શકો છો. વૃક્ષોની રક્ષા સંસ્થા તરફથી કરવામાં આવશે. વૃક્ષ કેટલું ઉપયોગી છે, એના શું ફાયદા છે, એ આપ સૌને જાણકારી છે.” આ વૃક્ષારોપણ અભિયાનમાં સહયોગ આપવા દાતાઓને વિનમ્ર અપીલ છે. વૃક્ષ દત્તક યોજનાનો લાભ લેવા સંસ્થાના સીઈઓ ગીરીશભાઈ નાગડા મો.૯૯૨૫૬ ૨૧૧૦૮ અને મેનેજર રાહુલભાઈ સાવલા મો.૯૫૩૭૧ ૧૬૪૩૭,૫૨ સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# આયુર્વેદમાં અણધારી અસર ઊભી કરતાં ઋતુ પરિવર્તન સાથે જોડાયલ અણમોલ ઔષધ

જેઠ મહિનાના વદ સાતમના સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે. આયુર્વેદમાં કલ્પનામાં પણ ન આવે એટલા સુંદર પ્રયોગો ઋતુ પરિવર્તન સાથે જોડાયેલા છે.આદ્રા નક્ષત્રના પ્રવેશ વખતે એક ચમચી દેશી ઘી સાથે આંબલીના કચૂકાના વજન જેટલી દેશી શુદ્ધ હિંગ, થોડા સિંધવ સાથે જો ચાટવામાં આવે તો ચોમાસાના ચાર મહિના વાયુના રોગમાંથી મુક્તિ મળે છે. માણસ જેમ એરકંડિશન રુમમાંથી બહાર આવે તો વાતાવરણમાં કેટલો ફરક શરીરમાં અનુભવાતો હોય છે તેમ સૂર્ય એક નક્ષત્રમાંથી બીજા નક્ષત્રમાં પ્રવેશે ત્યારે આખી સૃષ્ટિમાં અનેક પ્રકારના પરિવર્તનો આવતા હોય છે. આપણા મહર્ષિઓને પોતાના વિશેષ જ્ઞાનમાં આ ફેરફારો સાથે તાલમેળ મેળવવા અનેક પ્રકારના ઔષધિઓના પ્રયોગો અને વ્યવહારિક આયોજનો કરેલ છે.



જેમ કે જેઠ મહિનામાં દર અઠવાડિયે એક વખત એમ કુલ ચાર વખત એરંડ ભ્રષ્ટ હરિતકી એટલે કે સારા વૈદ્યરાજની પાસે એરંડના તેલમાં સાત વખત તળાયેલી હીમેજ લેવામાં આવે તો ઝીણો તાવ આવતો બંધ થઈ જાય છે. ચૈત્ર સુદ પડવે (એકમ)ને દિવસે પણ લીમડાના પાંચ અંગો મૂળ, છાલ, પત્ર, મોર અને લીબોળી સિંધવ અને મરી સાથે એક કપ જેટલી નયણે કોઠે લેવામાં આવે તો સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારના રોગોમાંથી શરીરને મુક્તિ મળે છે. ઘણાં લોકો આખો ચૈત્ર મહિનો કે પંદર દિવસ આ કડવાશ લેતાં હોય છે પણ અનુભવી વૈદ્યોના કહેવા મુજબ માત્ર પડવેને દિવસે આ પ્રમાણે ઔષધિનું આયોજન કરવાથી અમાપ-સમાપ ફાયદો થતો હોય છે. એક મત એવો પણ છે કે એકી સંખ્યામાં એટલે કે આ ઔષધ એક, ત્રણ કે પાંચ, સાત દિવસો સુધી સળંગ લેવું જોઈએ.

આધુનિક વિજ્ઞાનના અનેક પથીઓના આક્રમણ સામે આયુર્વેદની અનેક પ્રકારની વિશિષ્ટ શક્તિઓ ઉપયોગમાં નહી આવવાના કારાણે વિસરાઈ રહી છે. જેમ કે આજકાલ સામાન્ય રીતે ગર્ભવતી સ્ત્રીઓને ઓપરેશન દ્વારા બાળક અવતરવાનું લગભગ સામાન્ય થઈ ગયું છે. પરંતુ જ્યારે ગર્ભવતી સ્ત્રીને વેણ ઉપડે ત્યારે દર્ભના ઘાંસનું મૂળ નાંભીની નીચે સ્પર્શ કર્યા વગર એન્ટીક્લોકવાાઈઝ એટલે અવળા આવર્તથી ફેરવવામાં આવે તો ઓપરેશન વગર સહેલાઈથી ડિલિવરી થઈ જતી હોય છે. જે અનેક લોકો આજે પણ અનુભવી રહ્યા છે. અધેડાના વૃક્ષનું મૂળ પણ અંબોડામાં ખોસી દેવાથી ડિલિવરી નોર્મલ થતી હોય છે અને જેવી ડિલિવરી થાય કે તરત જ માથામાંથી તે મૂળ દૂર કરી લેવું અત્યંત જરુરી છે. પોતાના જ વાળની લટ આંગળીમાં બાંધીને ઉપરના તાળવામાં ઘસવાથી પણ કુદરતી સુવાવડ થવાની શક્યતા બહુ ઊજળી રહે છે.

### અષાઢી બીજ તથા ગુરૂપૂર્ણીમાનાં પવિત્ર તહેવાર સંદર્ભે

# કતલખાના, નોનવેજનાં વેચાણ બંધ રખાવવા કરુણા ફાઉન્ડેશન દ્વારા તમામ રાજ્યના મુખ્યમંત્રી ને રજૂઆત

એનીમલ હેલ્પલાઈન દ્વારા અષાઢી બીજે તા. ૦૭, જુલાઈ, રવિવારનાં તથા ગુરૂપૂર્ણીમાં તા.૨૧ જુલાઈ, રવિવારનાં રોજ કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા તમામ રાજ્યના મુખ્યમંત્રી ને રજુઆત કરવામાં આવી છે. અષાઢી બીજ આનંદ અને ભારે શ્રધ્ધા સાથે ધામધૂમે ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે. કચ્છીનું નવું વર્ષ અષાઢી બીજ ગણાય છે. કચ્છી માડુઓ અષાઢી બીજના દિનને નવા વર્ષ તરીકે ધામધુમથી ઉજવતા હોય છે તથા ગુરૂપૂર્ણિમાનાં પાવન દિવસે સમગ્ર ભારતભૂમિ પર બધા જ ધર્મનાં લોકોની જુદી જુદી રીતે ઉજવાતો હોય છે. આ બધાયમાં એક સમાન વસ્તુ કહી શકાય તે એવી તે બધા એક સાથે માને છે અને પૂજે છે તે છે ગુરૂ કોઈપણ હોય શકે સંત, મહાત્મા કે કોઈના ફાધર કે કોઈ એક સાધારણ શાખા કે કોલેજમાં ભણાવતા કોઈપણ ગુરૂ જ હોય છે શાળા એક એવી પહેલી જગ્યા છે જયાં એક બાળક તેમના જીવનમાં પહેલી વખત ગુરૂના સંપર્કમાં આવે છે, અને ગુરૂ તેમને તેમનાં જીવનનો પવિત્ર ઉપદેશ આપે છે.ઉપરોકત બન્ને દિવસોની પવિત્રતા અને સમસ્ત જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં મેમ્બર મિતલ ખેતાણી એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગ રમેશભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વારા તમામ રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ છે

# ડીસામાં કોમી એકતાના માહોલ માં ઈદ ઉલ અઝહા ની ઉજવણી કરાઈ

ડીસા માં કોમી એકતાના માહોલ માં ઈદ ઉલ અઝહા ની ઉજવણી કરાઈ હતી જેમાં ઈદગાહ ખાતે ઉપસ્થિત જન મેદની ને હઝરત સૈયદ મોહમદ અલી બાવા એ જણાવ્યું કે હઝરત ઈબ્રાહિમ (અ.સ.) અને હજરત ઈસ્માઈલ (અ.સ.) ની કુરબાની ને જીવંત રાખી કુરબાની કરવા જણાવ્યું હતું આ પ્રસંગે હજરત હસન અલી બાવા જણાવ્યું કે ઈદ એ ખુશી નો તેહવાર છે દરેકે સરકારી ગાઈડ લાઈન મુજબ ઈદ નો તેહવાર ઉજવવા જણાવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ હઝરત સૈયદ મોહમદ અલી બાવા ની ઈમામત હેઠળ નમાઝ અદા કરી હતી જ્યારે મોલા અલી મસ્જિદ ખાતે મોલાના એહમદ રઝા ની ઈમામત હેઠળ મોટી સંખ્યામાં નમાઝ અદા કરી હતી આ પ્રસંગે તેમણે જણાવ્યું કે કુરબાની કરી ઈસ્લામ ના અરકાનો નો પૂરા કરી ગરીબ ગુરબા ના હકક અદા કરવા જણાવ્યું હતું. જ્યારે રિસાલા મસ્જિદ ખાતે મુફ્તી મોહમદ સાહેબ ની ઈમમત હેથળ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી આ પ્રસંગે તેમણે ઈદ ઉલ અઝહાનો પયગામ બતાવી દરેકે કુરબાની કરી ઈદ ની ઉજવણી કરવા જણાવ્યું હતું જ્યારે બડા પૂરા મક્કા મસ્જિદ ખાતે મૌલાના નિઝામુદ્દીન ની ઈમામત હેઠળ નમાઝ અદા કરી હતી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG NO. 0059**
વિષય: વહેતો સમય
પ્રકાર: પદ્યય
શિર્ષક: ★સમય બળવાન. શબ્દો: ૧૪૮
લેખક: જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

જતો હતો હુ, પાસ કરવા સમય !
રસ્તે,સામે જ મળ્યો, મને સમય ?

ઠાવકાય સાથે, વાકુ કરી,મો, પૂછ્યુ ?
આ સમયે,કયા ચાલ્યા સજ્જન તમે !

કહ્યૂ મે તેને, કેવો આવ્યો છે  સમય ?
આજે નથી મળતી નોકરી કે છોકરી?

જંઈ રહ્યો, ખરાબ સમય પાસ કરવા!
પૂછ્યુ, રોફ સાથે,સમય પાસ કરવા !

કરવા નથી તમારે કોંઈ નેક કામ
કરવા નથી સારા માનવતાના કામ

બગાડે સમય ફોન- ફિલ્મ ને ફેશનમા
હવે ન બગાડો સમય ફાલતુ કામમા

જાણો એક પળ છે જીવનની કિમતિ
નિખારો જીવન તમારુ ને પરિવારનૂ

મળ્યો માનવભવ મોઘેરો જીવનમા
પ્યારે' કરો સાર્થક, સમય પારખીને

નથી હુ રાજા -રંક નો,ન કાયા-માયાનો
પ્યારે,છુ હુ સાથી, સમય પારખનારનો.

ભાઈ, હુ સમય, થયો નથી કદી કોંઈનો
પ્યારે, ઓળખે મને, તેનોજ હુ રહ્યો

થાય જો કદી જીવનનાવ હાલક-ડોલ
પ્યારે.રાખભરોશો કિનાર લાવશે કોક!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG*  *SS* *No.* *0185.***
વિષયઃ- વહેતો સમય
શીર્ષકઃ- સમય બળવાન
પ્રકારઃ-  પદ્ય શબ્દ સંખ્યાઃ- ૧૪૪

સમય વહ્યો છે, વહે જ છે ને વહેતો જ રહેશે બ્રહ્માંડે,
અતિમૂલ્યવાન સમય, મુસાફર, દોડાવશે રોજ બ્રહ્માંડે,

વહેતા સમયના રસ્તે, ઉપાડ પગ, રસ્તો ખુલતો જશે,
ભલે વાગે ઠેસ-ઠોકર, માર્ગદર્શને ઉપાયો મળતા જશે,

વહેતો સમય બળવાન છે, નથી જગે માનવ બળવાન,
ઉતાર ચઢાવનો  ઉપક્રમ, સમયની માયા છે બળવાન,

વહેતા સમયને મિત્ર બનાવો, કરો જીવન કર્મને  પ્રેમ,
રાત દિવસના વહેણમાં, સ્વને  ઓળખી જ કરો પ્રેમ,

ઝડપી લે ક્ષણને બનાવ તારી, સદુપયોગ કર ક્ષણનો,
જીતના શિખરો સર કરતો જા, સર્જક બન તું ક્ષણનો,

પ્રત્યાઘાતને છોડી, કડવી વાસ્તવિકતા સ્વીકારતો જા,
જળ વિનાનું વાદળ ના બન, હુંફ જાતે મેળવતો જા,

જોઈ વહેતા સમયના તકાજાને, પ્રતિબિંબ ન બન તું,
હોંસિયામાં ધકેલાયો ભલે તું, વજુદનો રક્ષક  બન તું,

પળપળ ક્ષણરૂપી સમયનું વહેણ, લેશે સર્વસ્વ તારું,
વૈભવ, યાદોં, ઉંમર બધું, ઝૂંટવાઈ જશે ક્ષણમાં તારું,

''ઝરૂખો'' કરે વિચાર મનમાંપપ..

અણહક્કે ના લે, સર્જાશે મહાભારત વહેતા સમયે,
હક્કનું છોડ પ્રેમથી, સર્જાશે રામાયણ વહેતા સમયે.
-દિલીપ સી. સોની. ''ઝરૂખો''

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.:0101***
★વિષય : વહેતો સમય★
★પ્રકાર : ગદ્ય.  શબ્દઃ ૩૪૮★
★શીર્ષક : સમય સાથે જીવી લઈએ★

જ્યાં સુધી સમય વહેતો રહેશે ત્યાં સુધી આત્મા દેહ રૂપી ભાડાનાં ઘર બદલતો રહેશે. આપણું ઘર એ કેટલામું ભાડાનું ઘર છે તે આપણને પણ ક્યાં ખબર છે. ભાડાનાં ઘરમાં રહેનારને હંમેશા પોતાનું મકાન હોય તેની ઝંખના હોય છે. તે માટે તમારે કાળચક્રને અતિક્રમવું પડે, તેની બહાર નીકળવું પડે. વહેતો સમય એટલે જન્મ-મરણ-જન્મમાં સરકતો રહેતો સમય.

સમય એક રેખા પર ન વહેતાં, જો વર્તુળાકાર હોય તો શું થાય? જે સમય ગયો એ પાછો આવે તો શું થાય? માણસ એવી કલ્પનાની પાંખે ઉડી આંતરિક તેમજ બાહ્ય જીવનની આંટીઘૂંટી ઉકેલવા મથતાં અને એ મથામણમાં જીવનનો અર્થ અને પ્રકાશ શોધવાનો પ્રયત્ન કરે છે ચાલતા સમયની સાથે સાથે.

સમય એ માપનું એકમ છે તો એ સારા ખરાબ વિશેષણ તરીકે પણ વપરાય છે. સમય 'સારો' ચાલે છે કે 'ખરાબ'. સમય તો ચાલતો જ હોય છે છતાં આપણે કહીએ છીએ સમય જતો જ નથી, કંટાળો આવે છે.

પ્રેમિકાની બાહોમાં કલાકો ક્ષણ જેવા પ્રતીત થાય છે ને પ્રેમિકાની વાટ જોવામાં ક્ષણ યુગો જેટલી ભાસે છે. તેથી જ આઈન્સ્ટાઈને કહ્યું છે કે સમય સાપેક્ષ છે.

આપણે જન્મ્યાં ન હોત તો સમયની વિટંબણા જ ન રહેત ને! એક સાંજે જ્યારે એક વ્યક્તિ બ્રિજ પરથી પડતું મૂકવાનું વિચારે છે ત્યારે દૂત ધરતી પર માનવ રૂપે પ્રગટે છે. નિરાશા અને અપરાધભાવમાં ડૂબેલી તે વ્યક્તિ કહે છે,"હું કદી જન્મ્યો જ ન હોત તો સારું હતું." દૂત વરદાન આપે છે, "જેવી તારી મરજી, તથાસ્તુ." જીવનથી થાકેલી તે વ્યક્તિ આ વાતને બકવાસ માનીને ઘરે પાછો ફરે છે. એ જુએ છે ઘરની નેમપ્લેટ પર તેનું નામ નથી. થોડીવારમાં એને સમજાય છે કે પેલા દૂતની વાત સાચી પડી છે. સમગ્ર અસ્તિત્વમાંથી એનું નામ ભૂંસાઈ ગયું છે. એ જીવે છે પણ જો જન્મ્યો ન હોત તો, તો શું થયું હોત એ જુએ છે.

પોતાના અનસ્તિત્વનો તે અનુભવ કરે છે. એ સ્વજનોને મળે છે કે જો તે જન્મ્યો ન હોત તો એ સ્થિતિમાં તેનાં કુટુંબ, સગાંવહાલાં, મિત્રો, પ્રિયતમા ક્યાં છે, કઈ પરિસ્થિતિમાં છે અને કેટલા અલગ છે!

એક ગહન અનુગ્રહ સાથે તે વ્યક્તિને આત્મસાત થાય છે કે આ બ્રહ્માંડમાં તેનું એક અનન્ય અને અદ્વિતીય સ્થાન છે.

ભગવાને આપેલી જિંદગીને સમયના પરિમાણમાં જીવી લઈએ.

લેખકઃ ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય - સમય વહેતો જાય છે
શિર્ષક - સમય એ જ જીવન
શબ્દ સંખ્યા - ૧૫૭
લેખિકાનું નામ - અલકા નવિનચંદ્ર મહેતા

સમયને બાંધી લે પાલવમાં,
સમય વહેતો જાય છે.
તું કરીશ નહિ કદર જો એની,
' આ પળ બનશે ભૂતકાળ ' કહેતો જાય છે.

સમય લાગે સહુને મફતનો,
ખર્ચવામાં બે હાથે ખર્ચે.
વેડફે એને એશોઆરામ માં,
નકામી વાતોને બહુ ચર્ચે.

બાળપણમાં મોલ સમજે ના સમયનું,
બિન્દાસ્ત જીવન જાણે નવાબોનું.
જીવન લાગે રમત ને ખુશી- મજાનું,
બગડે એથી ધન, સમયનું.

યૌવન આવે દોડીને સફાળું,
જગત આખું લાગે નિરાળું.
કારકિર્દી જાણે કરોળિયાનું જાળું,
મન તો સપનાં સેવે હૂંફાળું.

સમય બગાડે  સખીઓ- ભાઈબંધોમાં,
સપનાઓ શેખચલ્લીના જોવામાં.
કાલે કરીશ એવી ખોટી આળસમાં,
દુનિયા કરીશ મુઠ્ઠીમાં એવા માનસમાં.

વૃદ્ધાવસ્થામાં રોગો બિવડાવે,
સમયની મહત્તા એ ય ના બિરદાવે.
આળસ, હતાશા સમયના સદુપયોગને ભગાવે,
સંતાનોની ચિંતા માબાપને જલાવે.

અંતે થાય પસ્તાવો કે ના કદર કરી સમયની,
શિસ્તબદ્ધ જીવનથી ઉઠતાં પ્રગતિના વલયની.
રોકી શકો પછી ક્યાં ઘડીઓ તમે પ્રલયની?
ચાહના શા માટે રાખી સફળતાના ઉચ્ચતમ મલયની?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 0050**
વિષય - સમય
શબ્દ - સરકી જાય પળ
શબ્દ સંખ્યા - ૯૫
.......................................
સમયની આંગળી ઝાલીનેચાલો.!
ક્યાંક સરકી જાય પળ..!
એ પહેલાં થંભાવી દો સમયને...!
શમણાંઓની ભીડ મહીં ચૂપચાપ સરકે...!

કોણ આપશે જઈ સુરજ ઊગવાના સપનાં ...!
ક્યાંક થમતો નથી એતો...!
માનવીની આંગળી છોડી ભાગતો જ જાય સમય ..!
રજ ને ગજ અને રાય ને રંક બનાવતો આતો...!

બાળક જેવો ચંચળ સમય...!
દોડતોએ જાય તો પણ થાકે
નહીં ...!
પરિવર્તનમાં માનતો સમય...!
સમયની સત્તા સામે ચાલે નહીં શાણપણ...!

હર વખત નવાં પહેરવેશ પહેરે...!
આજને બાગ બાગ બનાવે...!
ગુલશન બગીયા વિરાન બનાવે...!
સમયની ચાલ કોઈ સમજ્યું નથી...!

સમય બડો અટપટો ...!
માટે સમયને પિંજરામાં કેદ કરો...!
નહીં તો સરકી જાય હર પળ..!

રાગીની શુક્લ "રાગ"મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- વહેતો સમય
શબ્દોઃ- ૮૦
શીર્ષકઃ- સમય રહે અમર!

સમયના વહાણમાં બેઠાં સૌ જીવ પ્રાણી;
હંકારે રાખો જોમે કિનારો પામવા ખલાસી.

વહેણ બદલાય છો વાય સામા પવન;
અફાટ ખારો ઉસ દરિયો ડહોળવો હામે.

સુખ દુઃખનાં મોજાં ઉછળે અતિ પ્રવેગે;
ચેતી, સમય પામી મનવા સઢ રે સંકોરો.

મનથી ડગ્યાં તે ઘણાં ડૂબ્યાં કિનારે અડી,
હૈયે હામ તો અડી પાતાળે લાવો મોતી ગોતી.

અગમ -નિગમનાં કાળ પડઘમ વાગે,
પેઢી દર પેઢી સંસ્કાર ને વારસો બદલે.

નિયતીનાં કાળચક્રે હું ફરતો રહેતો.
છું સમય; યુગો પર્યંત અમર થૈ વહેતો.

ડૉ.   મનીષા વ્યાસ

### જીઆઈડીસીના અબજો રૂપિયાના ભ્રષ્ટાચારના કચ્ચાચિઠ્ઠા ખુલ્લા પડી જતા બઘવાઈ ગયેલ

# ભાજપા સરકારના મંત્રીઓ જે રીતે લીપાપોથી કરવા માટે પત્રકાર પરિષદમાં જુદી જુદી વાતો કરી પણ સત્ય હકિકત અંગે એકપણ જવાબ ન આપ્યો

જીઆઈડીસીના અબજો રૂપિયાના ભ્રષ્ટાચારના કચ્ચાચિઠ્ઠા ખુલ્લા પડી જતાં બઘવાઈ ગયેલ ભાજપ સરકારના મંત્રીઓએ જે રીતે લીપાપોથી કરવા માટે પત્રકાર પરિષદમાં જુદી જુદી વાતો કરી પણ સત્ય હકીકત અંગે એકપણ જવાબ ન આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે સરકારને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, સરકારના હાથ ચોખ્ખા હોય તો જીઆઈડીસીના પ્રકરણની હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટના સીટીંગ જજ પાસે તપાસ કરાવે. જો કમીટી કહે કે બધું યોગ્ય છે તો તેનો ખર્ચ કોંગ્રેસ પક્ષ ભોગવશે અને જો કમીટી કહે કે ગડબડ થઈ છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે. જીઆઈડીસીના ષડયંત્ર દ્વારા અબજો રૂપિયાનું સરકારી તિજોરીમાં નુકસાન થવાનું એ વિશે વાત કરી હતી. આજે બે મંત્રીશ્રીઓ અને એક અધિકારીએ પ્રેસ કોન્ફરન્સ કરી, હું આભાર માનીશ એમનો કે એમણે પ્રેસ કોન્ફરન્સ કરી. મને આનંદ થાત કે આ બે મંત્રીશ્રીઓ અને મંત્રીશ્રીઓની વિગત ઓછી પડી તો એક અધિકારીને પણ ઈન્વોલ્વ કર્યા છે. કોંગ્રેસના એકપણ પ્રશ્નનો એક પણ સાચો ઉત્તર એમણે નથી આપ્યો. ગઈ કાલે મેં કહ્યું હતું ઈલેક્શન ડીક્લેર થઈ ગયું છે એટલે જે ઓર્ડર છે તે કેટલીક જગ્યાએ નથી થયો. આપ ધ્યાનથી પ્રેસ કોન્ફરન્સ જોજો. મંત્રી વારંવાર કહે છે, સાયખામાં પ્લોટ હજી આપ્યો નથી, પછી ધીમે રહીને બોલે છે દહેજમાં થોડા પ્લોટ આપ્યાં છે. દહેજ અને સાયખા બન્નેમાં મારો પ્રશ્ન હતો. મારો પ્રશ્ન માત્ર સાયખા માટેનો ન હતો. મેં કહ્યું હતુ કે અમુક ષડયંત્ર પ્રોસેસમાં છે. કારણ કે ઈલેક્શન ડીક્લેર થઈ ગયું હતું, આચારસંહિતા હતી. તો દહેજમાં અપાયા છે આ કેમેરાની આંખ પર જ્યાં એ પ્રેસ કોન્ફરન્સમાં સ્વિકારે છે કે દહેજમાં અમે થોડા પ્લોટ આપ્યાં છે. મારી સીધી માંગણી હતી કે તમે જાહેર કરો કે કેટલો ભાવ ? ૨,૭૭૦ રૂપિયામાં શા માટે ભાઈ આપો છો તમે ? જ્યારે સુપ્રિમકોર્ટે કહ્યું છે કે કોઈપણ નેચરલ રીસોર્સીસ કે કોઈપણ પ્રજાની સંપત્તિ એક ઈંચ પણ આપવાનો સવાલ આવે તો વધારેમાં વધારે રૂપિયા કેમ મળે ? એ જોવું જોઈએ. આ સ્પષ્ટ આદેશ સુપ્રિમ કોર્ટનો હોવા છતાં મંત્રીશ્રી એટલું બોલે છે કે આ તો નફો કરવા માટે નથી. હું માનું છું કે જીઆઈડીસી નફો કરવા માટે નથી પરંતુ વિકસીત જ્યાં થઈ ગયું ત્યાંથી હરાજીના પૈસા આવે તો જે નાના અવિકસીત વિસ્તારો છે જેમ કે ચુંટણી સમયે તળાજામાં કહ્યું હતું, જેમ કે વલ્લભીપુરમાં કહ્યું હતું, જેમ નખત્રાણામાં કહ્યું હતું, આવા નાના ટાઉનપ્લેસ પર જે જીઆઈડીસીઓ બનાવવાની થાય એમાં એ જીઆઈડીસીઓ બનાવે ત્યારે પૈસાની જરૂર પડે એ આવી જગ્યાએ હરાજી કરી હોય એ રૂપિયા ત્યાં વાપરી શકાય અને એનો વિકાસ થઈ શકે. સરકાર જો બેઠા ભાવે અબજો રૂપિયા મળે એમ છે ત્યાં સસ્તામાં પ્લોટ આપી દે તો અવિકસીત વિસ્તારોમાં નવી જીઆઈડીસી બનાવવા નાણાં જોઈએ એ નાણાં અપાય જ નહીં. બીજી એક મહત્વની વાત અરજીઓથી આપવાની નીતિ જુની હતી, વાત સાચી છે ત્યારે ક્યાં બનતા હતા જીઆઈડીસી ? જે જગ્યાએ ઉદ્યોગ જતો ન હતો ત્યાં સમતુલીત વિકાસ કરવા માટે એવી જગ્યાએ રીમોટ કે જ્યાં ઉદ્યોગ નથી જતો તો ત્યાંના સ્થાનિક કારીગરોને કામ મળે. ત્યાં જે લોકો કામ કરતા નાના ઉદ્યોગકારો છે એને સુવિધાઓ મળે. વિશ્વકર્મા સમાજના ભાઈઓને લાભ મળે એટલે આપવામાં આવતા. માંગ વધારે થાય ત્યાં હરાજી ભુતકાળમાં પણ થતી હતી. હવે તો સુપ્રિમ કોર્ટે કહી દીધું કે કોઈપણ પ્રજાની માલિકીની મિલકત હું માંગુ ને તુ આપ આમ નહીં. જાહેર હરાજી કરવી જ જોઈએ. આ સુપ્રિમકોર્ટ કહ્યું. આજે મંત્રીઓએ પ્રેસ કોન્ફરન્સ કરી એટલે કહું છું. ગયા મહિને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબની ડીવીઝન બેન્ચ, બે જજ સાહેબશ્રીઓનો આ નિર્ણય આવ્યો. રીટ પીટીશન ૯૪/૨૦૨૨માં એક જાહેર હિતની અરજી દાખલ થઈ હતી કે જે જીઆઈડીસીએ જાહેર હરાજી વગર સરીગામ, તાલુકો ઉમરગામ, જીલ્લો વલસાડમાં ૩૪,૭૩૩ સ્કવેર મીટર અને સર્વે નંબર ૨૧૬૫માં અને સર્વે નંબર ૨૧૪૭, ૨૧૪૭ની આ જમીન ૩૪,૭૪૩ એના જુદા જુદા પ્લોટ વગર હરાજીએ જીઆઈડીસીએ માત્ર અરજી લઈને આપી દીધા હતા માટે આ પી.આઈ.એલ. થઈ હતી. ગયા મહિને જ આ પી.આઈ.એલ.માં જે ગુજરાત નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે જીઆઈડીસીને લપડાક મારી અને જે કાગળ ઉપર અરજી લઈને સોદો થયો હતો એને રદ કર્યો અને મેઈન કારણ એ હતું કે કોમ્પીટીટીવ બીડ અને ટ્રાન્સપરન્સી એ પાયાનો સિધ્ધાંત છે એ પારદર્શકતા હોવી જોઈએ અને સ્પર્ધાત્મક બીડ હોવું જોઈએ. આ નથી કર્યું એમ કરીને આમાં પણ રદ કરવામાં આવી છે. તો મારો સીધો સવાલ પહેલો એ છે કે બન્ને મંત્રીશ્રીઓ કે તમે સોગંદ ખાઈને મંત્રી બન્યાં છો કે બંધારણને વફાદાર રહેવાનો, પ્રજાના માટે વફાદારીના, સત્ય માટેના તો પછી સુપ્રિમ કોર્ટે કહી દીધું છે કે વગર હરાજીએ એક ઈંચ જગ્યા નહીં આપવાની તો તમારી પોલીસી ગુજરાતની તો ભુતકાળ શું કામ જુઓ છો. ત્યારે અવિકસીત હતું ઈન્ડસ્ટ્રીયલ રીતે ત્યારે કોઈ સુપ્રિમકોર્ટનો હુકમ ન હતો. હવે સુપ્રિમકોર્ટનો હુકમ છે કે જાહેર હરાજી સિવાય ન અપાય તો શું કામ આપો છો કરોને ખુલાસો. મારો બીજો સવાલ છે બન્ને મંત્રીશ્રીઓમાંથી કોઈએ પણ વાસ્તવિકતાની વાત નથી કરી. સાયખા અને દહેજ એમાં પહેલા તમે જેને પુરેપુરો સંતૃપ્ત ઝોન, સેચ્યુરેટેડ ઝોન કહી દીધો હતો એ પછી કેમીકલ ઝોન અને મીકેનીકલ ઝોન એમ જુદું પાડવું અને ફાયદો આપવો અને પછી એમ કહે આ બન્ને એક કરી દેવાના છે. શું લોજીક હતું ભાઈ ? મંત્રીશ્રી શું કહે છે ? અમને ત્યાંથી રજૂઆત આવી. અરે તમે શું રજૂઆત ઉપર નીતિ નક્કી કરો છો. રજૂઆત એટલે શું ? નાણાંના કોથળા આવ્યા કે હરાજી નહિ અરજીના આધાર ઉપર કરો તો અબજો રૂપિયા મળશે. એટલે રજૂઆતના આધાર ઉપર જેને સંતૃપ્ત ઝોન હતો તેને કે જ્યાં ફરજીયાત હરાજી કરવી પડે એના બદલે અરજીઓ ઉપર એટલા માટે તમે નીતિ ફેરવી. શા માટે કેવી રીતે થઈ શકે આખું યુનીટ છે. એ યુનીટ પૈકી તમે અલગ ઝોન બનાવો છો કેમિકલનો. કેમિકલ માટે બનાવેલ ઝોન સંતૃપ્ત છે. ૯૦% કરતાં વધારે ત્યાં ડેવલોપમેન્ટ થઈ ગયું છે. ત્યાં હરાજી જ કરવી પડે આ અંગે સૌ મૌન રહે છે. તો તમારું બોર્ડ છે. એ બોર્ડને પાંચ મહિના પછી બુદ્ધિ આવી. પાંચ મહિના પહેલા કહે છે ના આ કેમીકલ ઝોન છે. આ અલગ છે બંને ભેગું ના ગણાય. આ સંતૃપ્ત ઝોન ગણાય જાહેર હરાજી જ કરવી પડે અને પાંચ મહિના પછી વહીવટ થઈ જાય. અરજી આવે એટલે ના ના ના આ સંતૃપ્ત નથી હવે બંને ને ભેગુ કરી દો એટલે સંતૃપ્ત નથી. અને હવે જાહેર હરાજી નહિ કરવાની અરજીના આધાર ઉપર આપવાનું. આનો જવાબ છે એમની પાસે ? ક્યાંય જવાબ નથી. આજે હું ફરી કહું છુ કે જો ચોખ્ખા હાથ હોય તો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના સીટીંગ જજ સાહેબ મારફત આ પ્રકરણની ઈન્કવાયરી કરાવો અને જો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના જજ સાહેબ કહી દે કે આ બધું સબ-સલામત છે, જનહિતમાં છે. કઈ ખોટું નથી થયું તો એ જે કમિશન બેસે એ કમિશનનો જેટલો ખર્ચ થશે એ પ્રજા ઉપર નહિ કોંગ્રેસ પાર્ટી પોતે ભોગવશે. અને જો એ કમિશન એમ કહે કે આ ચોર છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે અને રાજીનામું આપે.

આભાર - નિહારીકા રવિયા  ચેલેન્જ સ્વીકારે જો એ સાચા હોય તો. હક્કીકતમાં ભય મુક્ત ભ્રષ્ટાચાર કરે છે અને પછી લીપાપોથી કરે છે. એનો આ ઉત્તમ દાખલો છે. અને મેં આપને કહયું એમ આ એજ જીઆઈડીસી છે જેને વગર હરાજીએ આપેલ પ્લોટ તાજેતરમાં જ પી.આઈ.એલ.માં નામદાર ગુજરાત કોર્ટે પણ રદ્દ કર્યો છે અને ત્યારે સરકારનો આ ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચાર છુપાવવામાં પણ સફળ નથી થઈ શકતા એ હકીકત માટે એમણે જે લીપાપોથી કરી એના કારણે આ સ્પષ્ટતા કરવાની જરૂર પડી.

# કોટબા ગામે હાઈડ્રોલિક ચેકડેમ રોહિત જનકભાઈ સાવલિયા સુરત દ્વારા બનાવેલ છે જે દ્રષ્યમાન થઈ રહ્યું છે અધિકારી મિત્ર ને સલામ છે વાહ રે.....?



કોટબા ગામે ચેકડેમ બાનાવ્યો છે અને જે અધિકારી મિત્ર દ્વારા ત્યાંની મુલાકાત લીધી હશે તેને સલામ છે ૧૦૦ સલામ ને આભારી છે કોટબા ગામ ના લોકો તેઓનો આભાર માની રહયા છે કે માટી ત્યાં જ રાખી ગયા છે અને અધિકારી મિત્ર ને જોવામાં આવ્યું નથી તપાસ કરનાર અધિકારી ૧૦૦ % પ્રગનાચકશું હશે એવું લોકોમાં ચર્ચા થઈ રહી છે કારણ કે માટી ત્યાં જ પડી રહી છે જે ચોમાસા માં ચેકડેમ પુરાઈ જશે જેથી અધિકારી મિત્ર તેને ખોદવા માટે બીજીવાર રૂપિયા કમાશે તેમાં કોઈ બે મત નથી લોક ચર્ચા નો વિષય લોકોમાં ચર્ચા જગાવી છે★

સાહેબ તમે તો સરકારના પ્રતિનિધિ છો તો ડાંગની ગરીબ જનતાને સાચો ન્યાય આપો તો સારું ખરું ને તમારા પર ડાંગની પ્રજાને વિશ્વાસ છે.★

ન્યૂઝ ઓફ ગાંધીનગર, ડાંગ

થોડા દિવસ અગાઉ ડાંગના ધવલીદોડ ગ્રામ પંચાયતમાં થયેલ ભરપૂર ભ્રષ્ટાચાર બાબતે અને સરકારી ઓન લાઈન ડેટા સાથે થયેલા ચેડા બાબતે કોઈ પ્રકારની તપાસ કરવામાં આવી નથી કે તપાસ કરવા માંગતા નથી કે તપાસ માં ઢીલાશ કરવામાં આવી રહી છે એ ચોક્કસ પણે નિશ્ચિતતા દરસાવી રહી છે

કોઈ વ્યક્તિ સરકારી ડેટા સાથે ચેડા કરી ગયું તે ખ્યાલ કેમ નથી એ પણ એક સવાલ છે કોને સત્તા આપી છે ચેડા કરવા માટે ક્યાં તો ્ઢ઼ સાહેબ કરી શકે એવું લોકોનું માનવું છે બહારનો વ્યક્તિ કોઈ દિવસ ચેડા કરી નહી શકે કારણકે ઓફિસમાં પરવાનગી કોણ આપે બહારના વ્યક્તિઓને જે વ્યક્તિ ત્યાં નોકરી કરતો હોય તે સાથે મળીને આ સરકારી ડેટા સાથે ચેડા કરવામાં આવ્યાં છે તે ચોક્કસ પણે નિશ્ચિત છે જ તેમાં કોઈ શંકા નથી એવું લોક ચર્ચા થઈ રહી છે

તપાસ સા કારણે ઢીલ મુકવામાં આવી રહી છે તે પણ કોઈને બચાવવાની કોશિશ કરવામાં આવી રહી છે એ પણ નિશ્ચિત છે જ તેથી તપાસ ના નામે મીંડું વળી જશે એ પણ નિશ્ચિત છે જ

ઢ઼ઢ઼ સાહેબ દ્વારા્ઢ઼ સાહેબ ને બચાવવાની કોશિશ કરવામાં આવી રહી છે એ ચોક્કસ નિશ્ચિત છે જ માટે તપાસ કરવામા ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે એ પણ લોકોમાં ચર્ચા થઈ રહી છે

સુ તાત્કાલિક ચેન્જ કરી શકાય સ્થળ તેમાં કોઈ ધારા ધોરણો નથી કે બોડી બામણી નું ખેતર સમજવામાં આવી રહ્યું છે

કદાચ્ઢ઼ સાહેબ તાત્કાલીક પોતાના વિચારો જેમ બદલતા હશે તેવી રીતે સ્થળ બદલવાની કામગીરી કરે છે એ પણ નિશ્ચિત છે લોક ચર્ચા

જો સ્થળ ચેન્જ કરવાની કામગીરી રાત્રે જ કરવામાં આવી એ પણ એક તપાસ નો વિષય છે સા માટે ચેન્જ કરવામાં આવી ધારા ધોરણ પોતાના ખિસ્સામાંથી લાવ્યા હોવા જોઈએ સરકારમાં આવા અધિકારીઓની જરૂર છે જ એવું લોકોમાં ચર્ચા થઈ રહી છે


ઢ઼ઢ઼ સાહેબ તમે તો સરકારના પ્રતિનિધિ છો લોકોને તમારા પર વિશ્વાસ છે માટે લોકોને ન્યાય યુક્ત અને નિષ્પક્ષ તપાસ થાય એવું લોકોમાં ગણગણાટ સારું થયો છે

ડાંગમાં આજ દિન સુધી સરકાર દ્વારા ઘણી મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે બધાને ખબર છે જ કે ટકા વારી ચાલી આવે છે પરંતુ લોકોમાં વિશ્વાસ બેસે તેવો દાખલો બેસાડો એવી લોક ચર્ચા થઈ રહી છે

હવે જોવાનું રહ્યું કે ડાંગ તાલુકા પંચાયત ના્ઢ઼ સાહેબ ની ઓફિસમાં થયેલ સરકારી ડેટા સાથે ચેડા બાબતે કોઈ મગ નું નામ મરી પાડશે કે ........?



માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબની અધ્યક્ષતામાં ગુજરાતમાંથી ચૂંટાયેલ સાંસદોની બેઠક મુખ્યમંત્રી નિવાસ્થાને ગાંધીનગરમાં યોજાઈ




હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને પીપલ્સ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા બ્રાઈટ વિઝન ડિટેક્ટરના માધ્યમ થી વિટામિન-છ ના મહત્વ પર જાગૃતિ લાવવા માટે કામ કરી રહ્યું છે એના માટે ૧૦,૦૦૦+ થી વધુ લોકોની આંખો ની તપાસ નિશુલ્ક રીતે કરવામાં આવશે. જેના માટે ડૉ. નિતીન સુમંત શાહ આ પ્રયત્નોને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે. આ અભિયાન ખાસ કરીને દુરદરાજના વિસ્તારોમાં વિટામિન-છ ની જરુરીયાતને સમજાવવા અને રાત્રિ અંધપણ ટાળવા માટે આયોજન કરાયું છે.

# માણાવદરની ૧૫ વર્ષની ટબુકડી કવિયત્રી રિયાનું કવિતા ક્ષેત્રે પ્રદાન : કાવ્યસંગ્રહની નાનકડી બુક લોન્ચ થઈ

(જીગ્નેશ પટેલ દ્વારા)

કવિતાએ આત્માની કલા છે કવિતામાં હૃદયના સૂક્ષ્મભાવો પ્રગટ કરવાએ નિવડેલા કવિઓ જ કરી શકે પરંતુ ૧૨- ૧૫ વર્ષ જેવડી નાની ઉંમરની વ્યક્તિ કવિતા ના ભાવો કદાપી ઘુંટી શકે નહીં આ વિષય તેમના માટે જટિલ થઈ પડે છે. પરંતુ આવું જટિલ કાર્ય માણાવદર તાલુકાના કોડવાવ ગામના રહીશ હરેશભાઈ પરસાણીયાની ૧૫ વર્ષની દીકરી રિયાએ સુલભ બનાવ્યું છે તેમનું શૈક્ષણિક માધ્યમ અંગ્રેજી છે છતાં તે હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ ધરાવે છે તેમને ત્રણ ભાષામાં કવિતાઓ લખી છે.આઠમા ધોરણથી જ તેમણે કવિતા ક્ષેત્રે પદારોપણ કર્યું છે. ગઈ ૨૬ જાન્યુઆરી તેણીએ ૨૦૨૪ કા ભારત નામની હિન્દી કવિતા લખી હતી જે મનનીય હતી અને રાષ્ટ્રપ્રેમથી છલકતી હતી.



રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે તેમનું જાહેર અભિવાદન પણ થયું હતું ઉપરાંત વાકચતુર્થી પ્રેરાઇ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ તેમનું જાહેર સન્માન કરાયું હતું. તાજેતરમાં જ બહુ થોડી જ કવિતાઓનું સિલેક્શન કરી તેમણે ×માય વે ઓફ લિવિંગ× નામે એક નાનકડો કાવ્યસંગ્રહ લોન્ચ કર્યો છે. જેમાં મનની અભિવ્યક્તિના સુપેરે દિદાર થયા છે. કવિતા ક્ષેત્રે ઉત્તેજિત કરવા તેમને માતા-પિતા તથા ક્લાસના શિક્ષકો તેમજ તેમના મોટા પપ્પા અને મોટા મમ્મીએ પ્રોત્સાહન આપ્યું છે. કવિતા ઉપરાંત વાંકછાટમાં પણ તેમને ઈનામો મેળવ્યા છે. ગુજરાત આખામાં કદાચ સૌથી વધારે નાની કવિયત્રી હોય તો તે રિયા પરસાણીયા જ હોઈ શકે છે.

તસવીર અહેવાલ
જીગ્નેશ પટેલ માણાવદર

# સાપુતારા માર્ગ પર વારંવાર ટ્રક કે કોઈપણ અકસ્માત થાય છે તો તેની જવાબદાર કોણ લેશે.....? RTO કે ટ્રક માલીક કે ભરાવનાર

ન્યૂઝ ઓફ ગાંધીનગર, ડાંગ

સાપુતારા ઘાટ મા વારંવાર અકસ્માત થાય છે તો તેનો જવાબદાર કોણ એ એક મહત્વનો વિષય થાય છે

પહેલો જવાબદાર ટ્રક માલીક કારણ કે ટ્રક માં વધારે પડતો માલ ભરાવી મોકલે છે

બીજો જવાબદાર RTO કારણ કે તેઓને દેખાતું નથી કે માલ વધારે પડતો ભરાવેલ છે

ત્રીજો ભરાવનાર કારણ કે તેને આર્થિક રીતે વધારે કમાવું છે

પરંતુ RTO વધારે જવાબદાર હોવો જોઈએ ખરુંને......?

ઈ્ ધ્યાન આપતાં નથી એ ચોક્કસ પણે નિશ્ચિત છે જ

જો RTO ધ્યાન આપે તો અકસ્માત થાય જ નહીં

વધારે માલ ભરાવવાને કારણે ચોક્કસ અકસ્માત થાય છે તેમાં કોઈ બે મત નથી

હવે જોવાનું રહ્યું કે RTO સાહેબના ધ્યાનમાં આવશે કે પછી અકસ્માત ની વણઝાર લાગી રહેશે

લોક ચર્ચા તો એ થાય છે કે RTO ્ સાહેબ દ્વારા ખાસ તપાસ કરવામાં આવતી નથી

લોકોને પણ દેખાય છે કે માલ વધારે હોવાથી ટ્રક ઉંધી વળી જાય છે તો RTO સાહેબ ને ખ્યાલ ના આવ્યો હોય.



# અશ્વમેઘ લાઇફ સ્ટાઇલ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયો શિક્ષક ગૌરવ સન્માન કાર્યક્રમ



ગત રવિવારે ગાંધીનગર ખાતે આ.મુ. શ્રી ગજેન્દ્રભાઈ જોશી સાહેબના અધ્યક્ષ સ્થાને શિક્ષક સન્માનનો કાર્યક્રમ યોજાયો, જેમાં મા.શિ. બોર્ડના નાયબ નિયામક રાવલ સાહેબ, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પટેલ સાહેબ, શ્રી તુષારભાઈ મહેતા સાહેબ, મોટીવેશનલ સ્પીકર શ્રી મનુભાઈ ચોકસી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. શ્રી મનુભાઈ ચોકસીએ વિદ્યાર્થી ઘડતરમાં શિક્ષકનો ફાળો એ વિષય ઉપર ખૂબ જ ઉત્કૃષ્ટ, પ્રભાવી અને ઉપયોગી પ્રવચન આપ્યું. જે સાંભળી તમામ શિક્ષકો ખુશ થયા અને પોતાની શાળામાં પધારવા આમંત્રણો આપ્યાં. અધ્યક્ષ સ્થાનેથી શ્રી ગજેન્દ્રભાઈ જોશી સાહેબે પ્રારંભિક શિક્ષણમાં ચિત્ર, સંગીત અને વ્યાયામને મહત્ત્વ આપવા બાબતે, સતત-સર્વગ્રાહી મૂલ્યાંકન, મૂલ્ય શિક્ષણ, પર્યાવરણની જાળવણી, ગુજરાતી ભાષાની સમૃદ્ધિ જેવાં વિવિધ કાર્યો કરવા સૌને અનુરોધ કરીને રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણની સફળતા માટે શૈક્ષણિક નેતૃત્વ લેવાનો માર્ગ ચીંધ્યો. ડી.પી.ઈ.ઓ. શ્રી પટેલ સાહેબે અને નાયબ નિયામક શ્રી રાવલ સાહેબે પણ શિક્ષકોને શિક્ષણમાં સુધારો લાવવા અથાગ પ્રયત્નો કરવા પડશે તેવી સરસ શીખ આપી. તેઓની હાજરી પ્રોત્સાહક રહી. ત્યારબાદ ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ઉત્કૃષ્ટ શિક્ષકોનું શિલ્ડ, સન્માનપત્ર અને કીટ આપી સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં 'મારું મન તારું થયું' ગુજરાતી ફિલ્મની સમગ્ર કલાકાર ટીમે હાજર રહીને તથા મિતલબેને સુંદર એન્કરિંગ કરીને કાર્યક્રમને દીપાવ્યો. આવા સુંદર કાર્યક્રમનું પ્રેરક અને માઈક્રો આયોજન કરનાર શ્રી પુલકિતભાઈ જોશીનો તથા સંયોજક ટીમનો તથા સ્પોન્સર અશ્વમેઘ લાઈફ સ્ટાઈલના શ્રી પીયૂષભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ તથા તેમની ટીમનો આભાર માનતા અને આ યાદગાર દિવસ માટે અભિનંદન પાઠવતા સૌ છૂટા પડ્યા.

# DDO સાહેબ તમે તો સરકારના પ્રતિનિધિ છો તો ડાંગની ગરીબ જનતાને સાચો ન્યાય આપો તો સારું ખરું ને તમારા પર ડાંગની પ્રજાને વિશ્વાસ છે

થોડા દિવસ અગાઉ ડાંગના ધવલીદોડ ગ્રામ પંચાયતમાં થયેલ ભરપૂર ભ્રષ્ટાચાર બાબતે અને સરકારી ઓન લાઈન ડેટા સાથે થયેલા ચેડા બાબતે કોઈ પ્રકારની તપાસ કરવામાં આવી નથી કે તપાસ કરવા માંગતા નથી કે તપાસ માં ઢીલાશ કરવામાં આવી રહી છે એ ચોક્કસ પણે નિશ્ચિતતા દરસાવી રહી છે

કોઈ વ્યક્તિ સરકારી ડેટા સાથે ચેડા કરી ગયું તે ખ્યાલ કેમ નથી એ પણ એક સવાલ છે કોને સત્તા આપી છે ચેડા કરવા માટે ક્યાં તો્ઢ઼ સાહેબ કરી શકે એવું લોકોનું માનવું છે બહારનો વ્યક્તિ કોઈ દિવસ ચેડા કરી નહી શકે કારણકે ઓફિસમાં પરવાનગી કોણ આપે બહારના વ્યક્તિઓને જે વ્યક્તિ ત્યાં નોકરી કરતો હોય તે સાથે મળીને આ સરકારી ડેટા સાથે ચેડા કરવામાં આવ્યાં છે તે ચોક્કસ પણે નિશ્ચિત છે જ તેમાં કોઈ શંકા નથી એવું લોક ચર્ચા થઈ રહી છે

તપાસ સા કારણે ઢીલ મુકવામાં આવી રહી છે તે પણ કોઈને બચાવવાની કોશિશ કરવામાં આવી રહી છે એ પણ નિશ્ચિત છે જ તેથી તપાસ ના નામે મીંડું વળી જશે એ પણ નિશ્ચિત છે જ

DDOસાહેબ દ્વારા્ઢ઼



સાહેબ ને બચાવવાની કોશિશ કરવામાં આવી રહી છે એ ચોક્કસ નિશ્ચિત છે જ માટે તપાસ કરવામા ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે એ પણ લોકોમાં ચર્ચા થઈ રહી છે

સુ તાત્કાલિક ચેન્જ કરી શકાય સ્થળ તેમાં કોઈ ધારા ધોરણો નથી કે બોડી બામણી નું ખેતર સમજવામાં આવી રહ્યું છે

કદાચDDO સાહેબ તાત્કાલીક પોતાના વિચારો જેમ બદલતા હશે તેવી રીતે સ્થળ બદલવાની કામગીરી કરે છે એ પણ નિશ્ચિત છે લોક ચર્ચા

જો સ્થળ ચેન્જ કરવાની કામગીરી રાત્રે જ કરવામાં આવી એ પણ એક તપાસ નો વિષય છે સા માટે ચેન્જ કરવામાં આવી ધારા ધોરણ પોતાના ખિસ્સામાંથી લાવ્યા હોવા જોઈએ સરકારમાં આવા અધિકારીઓની જરૂર છે જ એવું લોકોમાં ચર્ચા થઈ રહી છે DDO સાહેબ તમે તો સરકારના પ્રતિનિધિ છો લોકોને તમારા પર વિશ્વાસ છે માટે લોકોને ન્યાય યુક્ત અને નિષ્પક્ષ તપાસ થાય એવું લોકોમાં ગણગણાટ સારું થયો છે

ડાંગમાં આજ દિન સુધી સરકાર દ્વારા ઘણી મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે બધાને ખબર છે જ કેટકા વારી ચાલી આવે છે પરંતુ લોકોમાં વિશ્વાસ બેસે તેવો દાખલો બેસાડો એવી લોક ચર્ચા થઈ રહી છે હવે જોવાનું રહ્યું કે ડાંગ તાલુકા પંચાયત ના્ઢ઼ સાહેબ ની ઓફિસમાં થયેલ સરકારી ડેટા સાથે ચેડા બાબતે કોઈ મગ નું નામ મરી પાડશે કે ....?



વેજલપુર ખાતે આવેલ પ્રેરણા જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ ના અજીતસિંહ ચૌહાણ દ્વારા જરૂરિયાત મંદ બાળકો પેન ચોપડા વિતરણ કાર્યક્રમ યોજ્યો જેમા વિસ્તાર ના સેવાકાય કરતા જતીન ભાઈ રાવત ધમિષઠા બેન રાવત નો સહકાર મલયો હતો જેઓ વિસ્તાર ના પચાસ થી વધુ બાળકો ને નિ શુલ્ક શૈક્ષણિક સેવા ઓ આપે છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.